# વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ MSUમાં, બીજું વર્ષ બ્રૂનેલ યુનિ.માં ભણવાની તક મળશે

## MSU અને બ્રૂનેલ યુનિવર્સિટી વચ્ચે વિશેષ MOU કરાયો

વડોદરા : એમ.એસ.યુનિવર્સિટી અને બ્રૂનેલ યુનિવર્સિટી વચ્ચે ફાઇનાન્સિયલ મેથેમેટીક્સ અને સ્ટેટીસ્ટિક્સના વિષય અંતર્ગત વિશેષ MOU કરાયો છે. એન ઇ પી -૨૦૨૦ના વિઝનને સાર્થક કરવા તરફ મહારાજા સયાજીરાવ યુનિર્વસીટી અંડર ગ્રેજ્યુએટ કોર્સમાં માળખાકીય બદલાવ લાવી રહી છે. તેની સાથોસાથ એનઇપી - ૨૦૨૦માં હાયર એજ્યુકેશનના ઇન્ટરનેશનલાઇઝેશનના અમલીકરણ માટેનો શુભારંભ કરાયો છે, તેવું એમ. એસ.યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો. ડૉ.વિજય કુમાર શ્રીવાસ્તવે કહ્યું હતું.

UKની વિઝિટ દરમિયાન વાઇસ ચાન્સેલર પ્રો.(ડૉ.) વિજયકુમાર શ્રીવાસ્તવ અને પ્રોફેસર ધનેશ પટેલ દ્વારા બ્રૂનેલ યુનિર્વસીટીની મુલાકાત દરમિયાન બેઠકનું આયોજન થયું હતું. જેમાં બ્રૂનેલ યુનિર્વસીટી તરફથી પ્રોફેસર સ્ટેફેન લંગડોન ડીન, કોલેજ ઓફ એન્જીનિયરીંગ, ડિઝાઇન અને ફિઝિકલ સાઇન્સ અને હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ અને મેથેમેટીક્સ પ્રોફેસર પરેશ દાતે જોડાયા હતાં.

આ બેઠકમાં બંને યુનિર્વસીટી વચ્ચે ફાઇનાન્સિયલ મેથેમેટીક્સ અને સ્ટેટીસ્ટિક્સના વિષયમાં વિશેષ MOU થયાં હતાં. જે અંતર્ગત MSU અને બ્રૂનેલ યુનિર્વસીટીના વિદ્યાર્થીઓ સમર ઇન્ટર્નશિપ કરી શકશે. MSUના Msc. પ્રોગ્રામમાં ફાઇનાન્સિયલ મેથેમેટીક્સ અને સ્ટેટીસ્ટિક્સના વિષયમાં એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ MSUમાં અને બીજું વર્ષ બ્રૂનેલ યુનિર્વસીટીમાં ભણવાની તક મળી રહેશે અને આ વિદ્યાર્થીઓને ડ્યુઅલ ડિગ્રી એટલે બંનેની ડિગ્રી એનાયત કરવા માં આવશે .પ્રો.ડૉ.વિજય શ્રીવાસ્તવે વધુમાં કહ્યું હતું કે, નેશનલ એજ્યુકેશન પોલિસી - ૨૦૨૦માં હાયર એજ્યુકેશનના ઇન્ટરનેશનલાઇઝેશન તરફ ભાર મૂકવામાં આવ્યો છે. તે દિશામાં મહારાજા સયાજીરાવ યુનિર્વસીટી આગળ વધી રહી છે. ભવિષ્યમાં આ પ્રકારના વધુ MOU કરી એનઇપી- ૨૦૨૦ના અમલીકરણમાં MSU અગ્રેસર રહેશે.